



# ગણેશજી જેલમાં બેઠેલા મનુષ્યને મુક્ત કરાવી દેતા સ્તોત્રો



ગણેશ ચતુર્થીના શ્રીગણેશ થઈ ગયા છે. ભગવાન ગણેશના સ્તોત્રોમાં એટલો બધો પાવર છે કે, જો તેના અમુક સ્તોત્ર કરવામાં આવે તો 'જેલમાં બેઠેલો વ્યક્તિ બહાર' નીકળી શકે છે... એટલું જ નહી, 'સંતાન માટે પણ' સચોટ સ્તોત્ર ઉપાય છે. આવી જ રીતે જીવનનાં તમામ ભારે સંકેટોનો સરળ સ્તોત્ર પ્રયોગથી તમોને જીવનમાં ચમત્કાર જોવા મળે છે અને સંકટો દૂર થઈ જાય છે!!

જેલ-કારાગૃહમાંથી મનુષ્યને મુક્ત કરાવતું 'મયૂરેશ સ્તોત્ર'

સાત દિવસ સુધી સતત પાઠ કરવામાં આવે તો જેલ-કારાગૃહમાં પડેલ મનુષ્ય પણ મુક્ત થાય છે.

- આ શુભ સ્તોત્ર આધિ અને વ્યાધિનું નિવારણ કરનારું છે.

- આ શુભ સ્તોત્ર- ભક્તિ અને મુક્તિ આપનારું છે.

- આ 'મયૂરેશ સ્તોત્ર' બ્રહ્મ ભાવોની પ્રાપ્તિ કરાવનારું અને સર્વ પાપોનો નાશ કરનારું છે. તે મનુષ્યોની સર્વ કામનાઓ પરિપૂર્ણ કરનારું અને સર્વ ઉપદ્રવોનો નાશ કરનારું છે. સર્વે પાપ અને વ્યાધિનો નાશ કરનારું- મયૂરેશ સ્તોત્ર છે.

ગણેશ ચતુર્થીમાં આ પાઠ શ્રદ્ધા-વિશ્વાસથી જો કરવામાં આવે તો તમારા કે સંબંધીના ઘરમાં કોઈ પણ વ્યક્તિ જેલમાં હોય તો તેને મુક્ત કરાવવાનું કામ આ સ્તોત્ર કરીને કરી શકો છો.

**સંતાન ગણપતિ સ્તોત્ર**

આ પુત્રપ્રદ સ્તોત્ર સર્વ સિદ્ધિઓ આપનારું છે. સંતાન ગણપતિ સ્તોત્રમાં છેલ્લે પ્રાર્થના આવે છેઃ 'હે દેવેશ્વર! આપ મારા માટે શરણદાતા થાઓ. આપ મારી સંતતિ પરંપરાને સુદ્રઢ કરો. હે ગણનાયક! મારા કુળમાં જે પુત્રો જન્મે એ આપની પૂજામાં લીન થનારા થાઓ. આવું વરદાન હું ઈચ્છું છું.''

સર્વ સિદ્ધિદાતા ગણેશ અષ્ટકઃ ગણેશાષ્ટક

આ સ્તોત્રનું ફળ આ પ્રમાણે છેઃ

જે મનુષ્ય ત્રણ દિવસ સુધી ત્રણેય સંધ્યાઓમાં આ શ્રીગણેશાષ્ટકનો સ્તોત્રનો પાઠ કરે છે, તેના સર્વે કાર્યો સિદ્ધ થાય છે... જે મનુષ્ય આઠ દિવસ સુધી આ આઠ શ્લોકોનો એક વાર પાઠ કરશે અને ચતુર્થી તિથિમાં આ સ્તોત્રનો આઠ વાર પાઠ કરશે તો તેને 'અષ્ટ સિદ્ધિ'ઓને પ્રાપ્ત કરશે.

જે મનુષ્ય એક માસ સુધી દરરોજ દસ-દસ વાર આ સ્તોત્રનો પાઠ કરશે- તે કારાગૃહમાં પડેલા કેદીને અથવા વધ દંડ (ફાંસી) પામેલા અપરાધીને મુક્ત કરાવી શકશે.

આ સ્તોત્રનો 21 વાર પાઠ કરવાથી વિદ્યાર્થીને વિદ્યા, પુત્રાર્થીને પુત્ર અને કામાર્થી સર્વે કામનાઓને પ્રાપ્ત કરે છે.

જે મનુષ્ય પરાભક્તિથી આ સ્તોત્રનો જપ કરે છે, તે ભગવાન ગજાનનનો પરમ ભક્ત થઈ જાય છે.

**લક્ષ્મી પ્રાપ્તિ માટેનું ગણપતિ સ્તોત્ર**

જે મનુષ્ય ભક્તિભાવથી ભગવાન ગણપતિજીના આ લક્ષ્મી પ્રાપ્તિ માટેનું ગણેશ સ્તોત્રનો પાઠ કરે તો તેના શરીરનો તેમ જ તેના ઘરનો સ્વયં (પોતે) લક્ષ્મી કદાપિ ત્યાગ કરતી નથી.

શ્રી ગણેશ પંચરત્ન સ્તોત્ર

જે મનુષ્ય પ્રતિદિન પ્રાતઃ કાલે મનમાં જ ભગવાન ગણેશનું સ્મરણ કરતાં કરતાં આ મહાગણેશ પંચરત્ન સ્તોત્રનું અત્યંત આદરથી ગાન કરે છે- તે શીઘ્ર આરોગ્ય, ઉત્તમ સંગ, ઉત્તમ પુત્રો, દીર્ઘ આયુષ્ય અને અષ્ટ સિદ્ધિઓને પ્રાપ્ત કરે છે.

પરિવાર સુખપ્રદ શ્રીગણેશ સ્તોત્રઃ શ્રીમદ્ શંકરાચાર્ય વિરચિંત ગણપતિ સ્તોત્ર

આ શ્રીમન મહાગણપતિનું સ્તોત્ર દરિદ્રતાનો શીઘ્ર નાશ કરનારું છે અને સર્વે કામનાઓની પરિપૂર્તિ કરનારું છે જે મનુષ્ય અત્યંત આદરપૂર્વક નિરંતર આ સ્તોત્રનો પાઠ કરે છે- એ મનુષ્ય એકેશ્વર ભગવાન ગણેશની કૃપાથી પુત્રવાન થાય છે તેમ જ સ્ત્રી અને સ્વજનોનાં પરિવારનું સ્નેહમય સુખ પ્રાપ્ત થાય છે.

આમ, ઘણાબધા સ્તોત્રો અને મંત્રો છે જેનાથી ભગવાન શ્રીગણેશની કૃપાથી ધાર્યું પરિણામ આવે છે. પરંતુ તે શ્રદ્ધા-વિશ્વાસ તેમ જ ગણપતિમય બનવાથી તમારા જીવનમાં આવેલું સંકટ દૂર થઈ જાય છે.

પરમ સિદ્ધિદાયક- મંગલ વિધાયક ગણપતિ અથર્વશીર્ષ

જે ઉપાસક ગણપતિજી અથર્વશીર્ષનો પાઠ કરતા કરતાં ગણપતિ દેવનું દૂર્વા અંકુરો દ્વારા યજન કરે છે- એ કુબેર સમાન કોષવાન થાય છે.

- જે લાજા (ચોખા) દ્વારા યજન કરે છે- એ યશસ્વી અને મેધાવી થાય છે.

- જે સહસ્ત્ર મોદકો (લાડુ) દ્વારા યજન કરે છે- એ મન વાંછિત ફળ પ્રાપ્ત કરે છે.

- જે ઘીમાં બોળેલી સમિધાઓ દ્વારા

જડીબુટ્ટી

નજુમી

હોમ કરીને યજન કરે છે- એ સર્વસ્વ પામે છે.

- જે આઠ ભૂદેવોને આ અથર્વશીર્ષ સમ્યક રીતે ગ્રહણ કરાવે છે- એ સૂર્ય સમાન તેજસ્વી થાય છે.

- સૂર્યગ્રહણના સમયે મહાનદીમાં ઊભા રહીને અથવા ગણેશ પ્રતિમાં (મૂર્તિ)ના સાંનિધ્યમાં આ અથર્વશીર્ષનો પાઠ કરે છે- એ સાધક સિદ્ધ મંત્ર થઈ જાય છે. અને સર્વે મહાવિઘ્નોમાંથી મુક્ત થઈ જાય છે. સર્વે મહાદોષોમાંથી મુક્ત થઈ જાય છે.. એ મહાપાતકથી મુક્ત થઈ જાય છે... એ સર્વરી થઈ જાય છે.

આ અથર્વશીર્ષની સહસ્ત્ર આવૃત્તિઓ કરનાર (હજાર વાર પાઠ કરનાર) જે જે કામના કરશે તે તેની સિદ્ધિ સરળતાથી પ્રાપ્ત કરશે.

# પિતૃ પક્ષ- શ્રાદ્ધ પક્ષમાં 'નારાયણ બલિ' કોણે... કેમ.. કરાવવી જોઈએ?: તેના ફાયદા અને નુકસાન



યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

હિંદુ ધર્મમાં 'પિતૃ પક્ષ' અથવા 'શ્રાદ્ધ પક્ષ'નું વિશેષ મહત્ત્વ છે.

પિતૃ પક્ષ 15 દિવસનો હોય છે અને આ સમય પૂર્વજોને યાદ કરવા.. તેમના પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરવી અને તેમના નિમિત્તે તર્પણ, પિંડદાન અને શ્રાદ્ધ કર્મ કરવાનો સમય માનવામાં આવે છે.

આ સમયગાળામાં પિતૃઓનું સ્મરણ અને વિધિ-વિધાનથી કરેલા કર્મોથી તેમને સંતુષ્ટિ પ્રાપ્ત થાય છે.

દર વર્ષે ભાદરવા મહિનાની પૂનમ તિથિથી શ્રાદ્ધ પ્રારંભ થાય છે અને આસો માસની અમાસ તિથિ સુધી તે ચાલે છે. વર્ષ 2026માં પિતૃ પક્ષ સપ્ટેમ્બર મહિનામાં શરૂ થશે અને ઓક્ટોબર સુધી ચાલશે.

**નારાયણ બલિ ક્યારે અને ક્યા સમયે કરવી જોઈએ?**

જ્યારે કોઈ પરિવારના સભ્યનું અસ્વાભાવિક (દુર્ઘટના, આત્મહત્યા, ઝેર કે બીમારીથી અચાનક) મૃત્યુ થઈ ગયું હોય તો પિતૃ દોષની શાંતિ કરાવવી જોઈએ. નારાયણ બલિની પૂજા ખાસ કરીને ત્યારે કરાવવી જ જોઈએ.

- પિતૃ પક્ષઃ આ પૂજા કરવાનો સૌથી ઉત્તમ સમય પિતૃ પક્ષ (શ્રાદ્ધના 15 દિવસ)નો માનવામાં આવે છે.

- શુભ તિથિઓઃ અમાસ, પાંચમ, આઠમ અને એકાદશી (ખાસ કરીને પિતૃદા એકાદશી)- આ પૂજા માટે શુભ માનવામાં આવે છે.

- વિશેષ સંકેતઃ જો પૂર્વજ વારંવાર સ્વપ્નામાં આવતા હોય કે કષ્ટનો સંકેત આપી રહ્યો હોય- ત્યારે પણ આ પૂજા જલદી કરાવી લેવી જોઈએ.

- સ્થાનઃ ગુજરાતમાં પિતૃઓને સદગતિ અને મોક્ષ માટે વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના ચાંણોદ નર્મદા નદીના પવિત્ર તીર્થ સ્થળ પર કોઈ યોગ્ય જાણકાર પંડિત પાસે કરાવવી જોઈએ, જેથી સારું પરિણામ અનુભવવા મળે.

**નારાયણ બલિ કરાવવાથી ક્યા ક્યા ફાયદો થાય છે?**

નારાયણ બલિ કરાવવાથી ખાસ કરીને અકાળ મૃત્યુને પ્રાપ્ત કરેલા આત્માઓને મુક્તિ, પિતૃ દોષમાંથી શાંતિ અને પરિવારમાં સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

**હિંદુ ધર્મ તેમ જ ગરુડ પુરાણ અનુસાર નારણય બલિ કરાવવાથી નિમ્નલિખિત મુખ્ય ફાયદા છેઃ**

તેનાથી દિવગંત આત્માઓ અને ભટકતા પ્રેતોને સદગતિ તથા ઉત્તમ લોકની પ્રાપ્તિ થાય છે.

- પિતૃ દોષમાંથી છુટકારોઃ જો કુંડળીમાં પિતૃ દોષ કે શાપ હોય તો આ વિધિ- વિધાન કરાવવાથી તે શાંત થાય છે.

**- કોઈના અકાળ મૃત્યુના દોષોનું નિવારણઃ**

દુર્ઘટના, આત્મહત્યા કે કોઈ અન્ય પ્રકારની કારણ વગર (અકાળ) મૃત્યુથી ઉત્પન્ન થનારા 64 પ્રકારના દોષોનું શમન થાય છે.

**- વંશ વૃદ્ધિ અને શાંતિઃ**

પરિવારમાં સંતાન માટે આવતાં વિઘ્નો, નડતરો, અવરોધો તેમ જ આરોગ્ય સમસ્યાઓ અને કલેશ સમાપ્ત થાય છે, જેનાથી ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ આવે છે.

**નારાયણ બલિની પૂજા કોણ કરી શકે છે?**

નારાયણ બલિની પૂજા પરિવારના પુરુષ સદસ્ય (ખાસ કરીને મોટો પુત્ર કે નજીકના સપિંડ સંબંધી) દ્વારા યોગ્ય વૈદિક બ્રાહ્મણ કે તીર્થ પુરોહિતના માર્ગદર્શનમાં કરાવવામાં આવે છે.

- પુરુષ સદસ્ય (સભ્ય)ઃ શાસ્ત્રો અનુસાર આ પૂજા ખાસ કરીને પુરુષ (એકલા કે પત્નીની સાથે) કરી શકે છે. જો પુત્ર ના હોય તો, પૌત્ર, પર-પૌત્ર, ભાઈ કે અન્ય નજીકના સપિંડ સંબંધી તેને કરી શકે છે.

- દંપત્તી (પતિ-પત્ની)ઃ સંતાન પ્રાપ્તિ કે પારિવારીક શાંતિ માટે પતિ-પત્ની- બંને મળીને આ વિધિ કરી શકે છે.

**નારાયણ બલિ બરાબર વિધિ-વિધાન કે નિયમો અનુસાર જો કરવામાં ના આવે તો તેનુ નકારાત્મક પરિણામ કે અધૂરું ફળ મળી શકે છે!!,દુર્ઘટના, આત્મહત્યા કે કોઈ અન્ય કારણસર મૃત્યુથી ઉત્પન્ન થનારા 64 પ્રકારના દોષોનું શમન થાય છે!!**

- વિધુર વ્યક્તિઃ પરિવારની સુખ-શાંતિ માટે વિધુર (જેમની પત્ની જીવીત ના હોય) પણ એકલા પૂજા સંપન્ન કરી શકે છે.

- ગર્ભવતી સ્ત્રીઓઃ ગર્ભાવસ્થાના સાતમાં મહિના સુધી સ્ત્રીને પણ આ પૂજા કરવાની અનુમતિ હોય છે.

- જાતિ બંધન નથીઃ આધુનિક માન્યતાઓ અને વ્યવસ્થાઓ અનુસાર કોઈ પણ વ્યક્તિ પોતાના પિતૃઓની શાંતિ માટે આ વિધિ નારાયણ બલિ કરાવી શકે છે.

**નારાયણ બલિમાં કેટલાં પિંડ હોય છે?**

નારાયણણ બલિની પૂજામાં સામાન્ય રીતે 16 પિંડ દાન કરવામાં આવે છે.

**નારાયણ બલિથી નુકસાન અથવા સાવધાની**

ધાર્મિક દૃષ્ટિએ નારાયણ બલિના કોઈ ખરાબ પરિણામ કે નુકસાન બતાવવામાં આવ્યું નથી. પરંતુ જો તે બરાબર વિધિ-વિધાન કે નિયમો અનુસાર કરવામાં ના આવે તો તેનું 'નકારાત્મક પરિણામ' કે 'અધૂરું ફળ મળી શકે છે. તેથી જ હંમેશા ગમે તે પંડિત કે અધૂરા જ્ઞાનવાળા પાસે આ વિધિ ના કરાવાય. કોઈ જાણકાર હોય તેમની સલાહ મુજબ જ વિધિ કરાવવી જોઈએ.




કાળચક્ર

યજ્ઞાનંદ

એક તાજેતરના આંતરરાષ્ટ્રીય અભ્યાસ મુજબ, આગામી છ વર્ષમાં વિશ્વની લગભગ ૪૫% મહિલાઓ અવિવાહિત રહેશે.

આ રિપોર્ટ ૧ મે ૨૦૨૬ ના રોજ 'લોકમત' અખબારમાં પ્રકાશિત થયો હતો.

આ 'મોર્ગન સ્ટેનલી' દ્વારા કરવામાં આવેલા એક વિસ્તૃત અભ્યાસ પર આધારિત છે.

**અભ્યાસના મુખ્ય તારણોઃ**

૧. આજની મહિલાઓ ઉચ્ચ શિક્ષિત છે અને પોતાની કારકિર્દીને પ્રાથમિકતા આપે છે.

૨. તેઓ આર્થિક રીતે સ્વાવલંબી છે અને કોઈના પર આધાર રાખવા માંગતી નથી.

૩. તેમને સ્વતંત્રતા ગમે છે અને તેઓ પોતાના જીવનના નિર્ણયો જાતે લેવા માંગે છે.

૪. તેઓ લગ્ન, માતૃત્વ અને કૌટુંબિક જવાબદારીઓને પોતાની પ્રગતિમાં અવરોધ તરીકે જોવા લાગી છે.

૫. જો આ વલણ આમ જ ચાલુ રહ્યું, તો પરંપરાગત પારિવારિક માળખું અને સામાજિક વ્યવસ્થા તૂટી શકે છે.

૬. વસ્તી ઘટવી, અવિવાહિત પુરુષોની સંખ્યામાં વધારો અને વૃદ્ધાવસ્થામાં એકલતાની સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

૭. અહીં ફરીથી એક સવાલ ઊભો થાય છે : જો જીવનના અંતે સાથ આપવા કોઈ ન હોય, તો પ્રગતિ, પદ અને પૈસાનો શું ઉપયોગ?

ઘણા માતા-પિતા પોતાની દીકરીઓ માટે સંબંધ શોધી રહ્યા છે, પણ દીકરીઓને જ લગ્નમાં રસ નથી.

પરિણામે, આવતો દરેક સંબંધ નકારી દેવામાં આવે છે.

સમાજના એક મોટા વર્ગને હજુ પણ આ પરિવર્તનની ગંભીરતા સમજાઈ નથી, તેથી આપણે યોગ્ય સમયે જાગવું જરૂરી છે.

દીકરીના લગ્નની યોગ્ય ઉંમર ૨૩ થી ૨૬ વર્ષની વચ્ચે હોવી જોઈએ અથવા શક્ય હોય તો તેનાથી પણ વહેલી હોવી જોઈએ. આ માટે સામૂહિક સ્તરે જાગૃતિ અને પ્રયાસોની જરૂર છે.

**અત્યંત ગંભીરતાથી દરેકે વાંચવું, વિચારવું. આ અફવા નથી, આ વાસ્તવિકતા છે!,એક સવાલ પણ ઉભો થાય છે : જો જીવનના અંતે સાથ આપવા કોઈ ન હોય, તો પ્રગતિ, પદ અને પૈસાનો શું ઉપયોગ?**

આ મુદ્દો કોઈની વિરુદ્ધમાં ઉઠાવવામાં આવ્યો નથી, પરંતુ ભવિષ્યની સ્થિરતા અને સંતુલનની ચિંતામાંથી રજૂ કરવામાં આવ્યો છે.

સમાજ, કુટુંબ, કુટુંબ વ્યવસ્થા અને વ્યક્તિગત જીવનમાં સંતુલન જાળવવું એ જ સાચી પ્રગતિ છે.

આપણેસૌએઆનાપરચોક્કસવિચારકરવોજોઈએ.

**ભવિષ્યની એક જ્વલંત સમસ્યા**

- જ્યારે બાળકોના લગ્ન ૨૦ વર્ષની ઉંમરે થતા હતા, ત્યારે એક સદીમાં ૫ પેઢીઓ થતી હતી.

- જ્યારે લગ્ન ૨૫ વર્ષે થયા, ત્યારે એક સદીમાં ૪ પેઢીઓ થઈ.

- હવે, જ્યારે લગ્ન ૩૦ વર્ષે થઈ રહ્યા છે, ત્યારે એક સદીમાં માત્ર ૩ પેઢીઓ જ થઈ રહી છે.

વિચારવા જેવી વાતઃ શું આપણો સમાજ આગામી સદી સુધી ટકી શકશે?

રસ્તાઓ અને ગલીઓ સૂમસામ છે, આસપાસના ઘરો ખાલી છે.

આજે ઘરોમાં બાળકોનો અવાજ ઓછો અને પતિ-પત્નીનો અવાજ વધુ સંભળાય છે.

મહિલાઓ ૩૦-૩૫ વર્ષની ઉંમર સુધી અવિવાહિત રહે છે.

પુરુષો ૩૫ વર્ષ પછી પણ અવિવાહિત રહે છે.

મોડા લગ્ન - અને પછી છૂટાછેડા.

**તૂટેલા પરિવારો,**

દુઃખી માતા-પિતા,

એકલા પડી ગયેલા માતા-પિતા

આખી પેઢી એક ખાલીપો અનુભવી રહી છે.

આપણે આને 'શિક્ષિત સમાજ' કહી શકીએ કે 'આત્મઘાતી સમાજ'?

આ વસ્તી ઘટાડવાનું એક છૂપુ ષડયંત્ર લાગે છે.

જો ૫૦ યુગલોમાંથી દરેકને એક જ બાળક હોય, તો આગામી પેઢીમાં બાળકોની સંખ્યા નજીવી હશે.

આમ જ ચાલુ રહેશે તો ત્રીજી પેઢી તો લગભગ નાબૂદ થઈ જશે.

શેરીઓ અને ગલીઓ સૂમસામ છે અને બધા રસ્તા પર છે.

અડધું જીવન રસ્તા પર જ જાય છે.

આખા ગામો નાબૂદ થઈ રહ્યા છે.

શહેરોમાં ઊંચી ઈમારતો છે, પણ સંયુક્ત કુટુંબ પ્રથા સમાપ્ત થઈ ગઈ છે.

નવી વહુઓ કહે છે કે તેમને 'માત્ર એક જ બાળક' જોઈએ છે.

**શું આ સમાજ છે?**

સત્ય એ છે કેઃ બાળકો હવે પ્રેમનું પ્રતીક રહ્યા નથી, ઊલટું, બાળક થવું એ એક ફરજ જેવું લાગવા માંડ્યું છે.

આમાં સૌથી મોટો દોષી દીકરીનો બાપ છે; એ જ બાપ જેણે પોતે ૨૦-૨ વર્ષની ઉંમરે લગ્ન કરીને સંસાર માંડ્યો, એ જ હવે ૩૦ વર્ષ સુધી દીકરીના લગ્ન ન કરીને હીરોગીરી બતાવે છે.

**પરિણામ...?**

સ્ત્રી-પુરુષ માનસિક તણાવ હેઠળ જાય છે.

આજે યુવાનોને ન તો સમયસર નોકરીઓ મળી રહી છે, ન તેમના લગ્ન સમયસર થઈ રહ્યા છે.

સમાજ ધીમે ધીમે તૂટી રહ્યો છે.

એટલા માટે જ બાળકો સમાજ સાથે રહેવાને બદલે એકલા રહેવાનું પસંદ કરે છે.

એટલે કે, વિભક્ત કુટુંબો.

તેઓ એવું પણ કહે છે કે 'તેમને બાળકો નથી જોઈતા.'

લગ્નમાં મોડું કરવું / બાળક કરવામાં મોડું કરવું, અને પછી એક બાળક પછી તબીબી અને ઉછેરની સમસ્યાઓના કારણો આપવા... આ હવે સામાન્ય થઈ ગયું છે.

ઉંમરને કારણે હજારો યુવક-યુવતીઓ અવિવાહિત ફરી રહ્યા છે અને સમાજના વડીલો ચૂપ છે.

લગ્ન, કુટુંબ, બાળકો,

બધું જ એક બોજ માનવામાં આવી રહ્યું છે.

લગ્ન એ માત્ર સાંસારિક બંધન નથી, 'તે ઘર, કુટુંબ અને સમાજનો મુખ્ય આધારસ્તંભ છે.'

આ વંશ, સંસ્કૃતિ અને સંસ્કારોને આગળ વધારવાનો માર્ગ છે.

હવે આપણે સૌએ સમજવાનો સમય આવી ગયો છે.

બાળકોને 'અતિશય' સ્વતંત્રતા આપીને આપણે તેમની સમજ છીનવી લીધી છે.

લગ્નો મુલતવી રહ્યા અને જ્યારે થાય છે, ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે.

ફરીથી એ જ એકલતા.

લગ્નની યોગ્ય ઉંમરઃ

પુરુષો માટે : ૩૦ વર્ષ પહેલા

મહિલાઓ માટે : ૨૫ વર્ષ પહેલા

નહીંતર ઈતિહાસ લખશે, 'તે સમાજે પોતાને શાંતિથી નષ્ટ કરી નાખ્યો.' વિચારો અને સમજદારીથી વર્તો.

આપણા બાળકોના લગ્ન યોગ્ય સમયે કરો.

કારણ કે, જો કુટુંબનું રક્ષણ ન થાય, તો સમાજને તૂટતા વાર નહીં લાગે.

એટલા માટે જ ડેવિડ સેલ્બોર્ન અને બિલ વોર્નર જેવા લેખકોએ કહેવું પડ્યું છે કે, મજબૂત પારિવારિક માળખાના અભાવને કારણે વિશ્વના મોટાભાગના દેશોમાં અને ભારતમાં પણ પારિવારિક પરંપરાનો ઘટાડો શરૂ થયો છે.

**પાંચલોહીનાસંબંધોનાબૂદથવાનામાર્ગપરછેઃ**

મોટા કાકા (પિતાના મોટા ભાઈ),

નાના કાકા (પિતાના નાના ભાઈ),

ફોઈ (પિતાની બહેન),

મામા (માતાના ભાઈ),

માસી (માતાની બહેન).

ભવિષ્યમાં આવા સંબંધો કદાચ જોવા કે સાંભળવા પણ નહીં મળે.

**આપણે તેને આ રીતે સમજી શકીએઃ**

દીકરો ૨, દીકરી ૧ - માસી નહીં

દીકરો ૧, દીકરી ૨ - મોટા કાકા, નાના કાકા નહીં

દીકરો ૧, દીકરી ૧ - મોટા કાકા, નાના કાકા, માસી નહીં

દીકરો ૧, દીકરી ૦ - X

દીકરો ૦, દીકરી ૧ - X

પરિણામઃ ૦, ૦

એક સંતાનવાળા કુટુંબોને કારણે ત્રીજી પેઢી પર ગંભીર અસર થશે, તે પેઢી જ્યાં તમે દાદા-દાદી હશો.

જે દાદા-દાદીને મુદ્દલ કરતાં વ્યાજની (પૌત્રોની) વધુ લગની હોય છે, તેઓ મુદ્દલ પણ ગુમાવી બેસશે. તેના માટે તેઓ જાતે જ જવાબદાર હશે.

તેથી, યુગલોએ એક જ સંતાનના નિર્ણય વિશે ગંભીરતાથી વિચારવું જોઈએ.

વસ્તીના આ ઘટતા આંકડા ઘણું બધું કહે છે.

તમારો પૌત્ર કે પ્રપૌત્ર આ દુનિયામાં એકદમ એકલો પડી જશે.

જો તેને લોહીના સંબંધોની જરૂર પડશે, તો આ આખા વિશ્વમાં તેને પોતાનો કહેવા કોઈ નહીં હોય.

આ અત્યંત ચિંતાનો વિષય છે.

આ માત્ર આપણા બાળકોને એકલું જીવન જીવવા મજબૂર કરતું નથી, પરંતુ આપણી સંસ્કૃતિનો પણ નાશ કરશે.

આપણે એકતાની વાતો કરીએ છીએ, પણ સંસ્કૃતિ જ નષ્ટ થઈ જશે.

આ બધી વસ્તુઓ માટે વર્તમાન પેઢી જવાબદાર છે.

જો તમને આ વિષય ગંભીર લાગતો હોય, તો તેના વિશે ઘરે, પતિ-પત્નીમાં, સગા-સંબંધીઓમાં, મિત્રોમાં અને વિવિધ સભા-બેઠકોમાં ચર્ચા કરો. આપણી સંસ્કૃતિ, મૂલ્યો અને આવનારી પેઢીઓને બચાવો.

આ લેખ ખરેખર આજના દૃષ્ટિકોણથી પ્રેરણાદાયી છે અને તેથી જ મેં તે ગ્રુપમાં મોકલ્યો છે. આના દ્વારા હું વર-કન્યાના માતા-પિતાને વિનંતી કરું છું કે કૃપા કરીને સતર્ક રહો અને તમારા બાળકો માટે ચોક્કસ વિચારો.